RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 184 * Date: 27.4.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી: રાજ્યમાં સરેરાશ ૫૭ ટકા મતદાન




ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણી અગાઉ સેમિફાઈનલ સમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું આજે(૨૬ એપ્રિલ) સામાન્ય છમકલાં બાદ કરતા મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું છે, જેમાં રાજ્યભરના મતદારોએ મધ્યમ પ્રતિસાદ આપ્યો છે. સવારે ૯ વાગ્યા સુધી મતદાનની ગતિ ધીમી રહી હતી, પરંતુ સાંજ પડતા સુધીમાં સરેરાશ ૫૭.૦૮% જેટલું મતદાન નોંધાયું છે. ગરમીના પ્રકોપને કારણે બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન મતદાન મથકો પર પાંખી હાજરી જોવા મળી હતી, પરંતુ ત્યારબાદ અંતિમ કલાકોમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.આ ચૂંટણીમાં ૧૫ મહાનગરપાલિકાઓમાં ૪૯% અને નગરપાલિકાઓમાં ૫૯% મતદાન થયું છે, જ્યારે જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ગ્રામીણ મતદારોના જોરને કારણે સૌથી વધુ ૬૧% જેટલું મતદાન નોંધાયું છે. જોકે, રાત્રે ૮ વાગ્યા સુધીમાં ફાઈનલ ટકાવારી જાહેર થવાની શક્યતા છે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થતાં જ તમામ મતદાન મથકો પર ઈવીએમ મશીનોને નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી આયોગના નિર્દેશો અનુસાર મતદાન પૂર્ણ થયા બાદ પ્રિસાઈડિંગ ઓફિસર અને સ્ટાફ દ્વારા ઈવીએમ મશીનોને સીલ કરી જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.આ સમગ્ર કામગીરી પોલીસ તથા અન્ય સુરક્ષા દળોની કડક હાજરી અને દેખરેખ હેઠળ પાર પાડવામાં આવી હતી. ત્યારબાદ સીલ કરાયેલા ઈવીએમ મશીનોને નિર્ધારિત સ્ટ્રોંગ રૂમ તથા કલેકશન સેન્ટરો ખાતે સુરક્ષિત રીતે પહોંચાડવા માટે વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. દરેક મતદાન મથક પરથી મશીનોને સુનિશ્ચિત માર્ગદર્શિકા મુજબ જ સેન્ટરો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ચૂંટણી દરમિયાન જિલ્લાભરમાં કડક બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલ રહ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ સામે આવ્યો નહોતો. મતદાનથી લઈને ઈવીએમ સીલિંગ અને પરિવહનની સમગ્ર પ્રક્રિયા સુચારુ અને સફળ રીતે પૂર્ણ થઈ હતી.

રાજયની અંદાજે ૧૦ હજાર બેઠકો માટે મેદાનમાં ઉતરેલા ૨૫ હજારથી વધુ ઉમેદવારોનું રાજકીય ભાવિ હવે ઈવીએમ (ઈફસ) મશીનોમાં કેદ થઈ ગયું છે. વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સમગ્ર પ્રક્રિયા કોઈ પણ અનિચ્છનીય બનાવ વગર પાર પાડવામાં આવી છે. હવે સૌની નજર ૨૮ એપ્રિલ પર ટકેલી છે, જ્યારે મતગણતરી હાથ ધરવામાં આવશે અને ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો જાહેર થશે. સ્થાનિક પ્રશ્નો અને વિકાસના મુદ્દાઓ પર થયેલા આ જંગમાં જનતાએ કોના પર મહોર મારી છે, તે જોવું રસપ્રદ રહેશે.અમરેલીની મોટા આંકડિયા બેઠક પર મતદાન દરમિયાન આમ આદમી પાર્ટી અને ભાજપના કાર્યકરો આમને-સામને આવી જતાં વાતાવરણમાં ભારે તણાવ સર્જાયો હતો. આ બેઠક પર 'આપ'ના ઉમેદવાર અને હાર્દિક વઘાસીયાના ધર્મપત્ની ચૂંટણી લડી રહ્યા છે, ત્યારે હાર્દિક વઘાસીયાએ ફેસબુક લાઈવ કરીને ભાજપ પર ડુપ્લીકેટ મતદાન એજન્ટ બેસાડવાના ગંભીર આક્ષેપો કર્યા હતા, જેના કારણે બંને પક્ષો વચ્ચે ઉગ્ર હોબાળો થયો હતો. જોકે, પોલીસના ચુસ્ત બંદોબસ્ત અને સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો અને હાલ શાંતિપૂર્ણ રીતે મતદાન શરૂ છે. બીજી તરફ સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ૩ ના મતદાન મથક બહાર ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે જોરદાર ઝપાઝપી થતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો, જ્યાં કોંગ્રેસ નેતા પ્રતાપ દુધાતની પોલીસ અધિકારી સાથેની ચર્ચાઓને પગલે માહોલ વધુ ગરમાયો હતો.વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલયના બૂથ નંબર ૪૩ પર મતદાન દરમિયાન ભારે હોબાળો થયો હતો. આમ આદમી પાર્ટીના ઉમેદવારે આક્ષેપ કર્યો હતો કે, ઈફસ મશીનનું ૧૨ નંબરનું બટન ખામીયુક્ત છે અને ફરિયાદ છતાં તંત્ર દ્વારા મશીન બદલવામાં આવ્યું નથી. આ ઉપરાંત, ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ ભાજપની નોટબુકનો ઉપયોગ કરી રહ્યા હોવાનું જણાવી આચારસંહિતા ભંગના પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. 'આપ'ના ઉમેદવારે તંત્રની નિષ્પક્ષતા સામે સવાલ ઉઠાવતા આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તજવીજ હાથ ધરી છે.જામનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત આજે સાંજે છ વાગ્યે મતદાન પ્રક્રિયા પૂર્ણ થતાં જ તમામ મતદાન મથકો પર ઈવીએમ મશીનોને નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ રીતે જામનગર જિલ્લામાં લોકશાહી પર્વની સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પાર પડી હોવાનું જિલ્લા તંત્ર દ્વારા નોંધાયું છે.



ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીએ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે આજે વહેલી સવારે પરિવાર સાથે મતદાન કરી લોકશાહીના પર્વમાં જવાબદારી નિભાવી. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણી આપણા શહેર અને ગામના વિકાસનો પાયો છે. હું તમામ ગુજરાતી ભાઈ-બહેનોને વિનંતી કરું છું કે, વધુમાં વધુ મતદાન કરી લોકશાહીને મજબૂત બનાવો.

## ડોનાલ્ડ ટ્રમ્પે ત્રીજી વખત મોતને હાથતાળી આપી! જાણો અત્યાર સુધીના તમામ હુમલાની ટાઈમલાઈન

અમેરિકાના વોશિંગ્ટનમાં આયોજિત હાઈ-પ્રોફાઈલ 'કોરસપોન્ડન્ટ ડિનર'માં અંધાધૂંધ ગોળીબાર થતા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષા પર ગંભીર સવાલો ઉઠ્યા છે. આ ઘટનાએ વિશ્વને હચમચાવી દીધું છે. આ ભવ્ય આયોજનમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપ્રમુખ જેડી વેન્સ, સંરક્ષણ સચિવ પીટ હેગસેથ અને વિદેશ સચિવ માર્કો રુબિયો ઉપરાંત અન્ય ઘણા નેતાઓ અને મહેમાનો હાજર હતા. સદનસીબે તમામ મહેમાનો સુરક્ષિત છે. જોકે, ટ્રમ્પ પર હુમલો થયો હોય તેવી આ કોઈ પહેલી ઘટના નથી. આ ત્રીજી વખત છે જ્યારે ટ્રમ્પને નિશાન બનાવવામાં આવ્યા હોય.માર્ચ ૨૦૧૬-લાસ વેગાસ : રાષ્ટ્રપતિની ચૂંટણીના પ્રચાર દરમિયાન એક રેલીમાં સુરક્ષામાં મોટી ચૂક થવાને કારણે એક વ્યક્તિએ સ્ટેજ પાસે પહોંચીને ટ્રમ્પ તરફથી પોલીસ અધિકારીનું હથિયાર છીનવવાનો પ્રયાસ કર્યો હતો.



ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (છસ્ઝ)ની ચૂંટણીમાં પરિવાર સાથે નારણપુરા ખાતે મતદાન કર્યું હતું. તેઓએ લોકશાહીના આ પર્વમાં વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા નાગરિકોને અપીલ કરી હતી.

## અમદાવાદ એરપોર્ટ પર મોંઘીદાટ બ્રાન્ડની પેનનો જથ્થો ઝડપાયો, એક પેનની સરેરાશ કિંમત રૂ. ૨ લાખ


અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ એર ઈન્ટેલિજન્સ યુનિટ (છેં) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ૨૬મી એપ્રિલ ૨૦૨૬ના રોજ જાપાનથી આવેલા એક મુસાફર પાસેથી ઉચ્ચ ગુણવત્તાની ૬૧ ડિઝાઈનર ઇંક પેન જપ્ત કરવામાં આવી છે. મુસાફરે આ કિંમતી પેન જાહેર કર્યા વગર કસ્ટમ્સ ડ્યુટી ચૂકવ્યા વિના લઈ જવાનો પ્રયાસ કર્યો હતો.કસ્ટમ્સ વિભાગના જણાવ્યા અનુસાર, પકડાયેલી પેનોની ચોક્કસ કિંમતનું મૂલ્યાંકન હજુ ચાલી રહ્યું છે, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ આ પેનોની કુલ કિંમત આશરે ૩૦ લાખ રૂપિયા હોઈ શકે છે. આ મામલે કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ કાર્યવાહી હાથ ધરી મુસાફરની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઝડપાયેલા જથ્થામાં વિશ્વની સૌથી મોંઘી અને લિમિટેડ એડિશન પેનનો સમાવેશ થાય છે.વિસ્કોન્ટી હોમો સેપિયન્સ લંડન ફોગ: આ પેન વિશ્વમાં માત્ર ૮૮૮ પીસ જ બનેલી છે. જેની કિંમત ૮૦ હજારથી એક લાખ રૂપિયાની આસપાસ છે. તે ૨૩ા પેલેડિયમ નિબ અને સ્ટર્લિંગ સિલ્વરથી બનેલી હોય છે.મોં બ્લા માસ્ટરસ્ટુક લે-ગ્રાન્ડ: ૯૨૫ સ્ટર્લિંગ સિલ્વર બોડી પર ૧૮ન્ન સોનાનો ઢોળ ચડાવેલી આ પેન કલેક્ટર્સ માટે દુર્લભ ગણાય છે.




બજારમાં તેની કિંમત ૧ લાખથી ૨.૫૦ લાખ રૂપિયા સુધીની છે.નાકાયા સાકુરા (લિમિટેડ એડિશન): એબોનાઈટમાંથી બનેલી આ પેન પર હાથથી 'માકી-એ' કળા દ્વારા ડિઝાઈન કરવામાં આવે છે. તેની કિંમત ૮૦ હજારથી ૨ લાખ રૂપિયાની વચ્ચે હોય છે.પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન: વર્ષ ૧૯૨૭ની પીળા રંગ માટે પ્રખ્યાત પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન યલો પેન ઉચ્ચ ગુણવત્તાવાળા એક્રેલિક રેઝિન અને ૧૮ન્ન સોનાની નિબથી બનેલી છે. આ આઈકોનિક પેનની કિંમત અંદાજે ૫૦,૦૦૦થી ૯૦,૦૦૦ રૂપિયાની વચ્ચે હોય છે. તેનો ઉપયોગ મુખ્યત્વે પેન કલેક્ટર્સ અને ઉચ્ચ કક્ષાના પ્રોફેશનલ્સ દ્વારા એક કિંમતી સંગ્રહ અને સ્ટેટસ સિમ્બોલ તરીકે કરવામાં આવે છે.

## શહીદોના પોસ્ટરમાં મોજતબા ખામેનેઈની તસવીર, ઈરાનના નવા સુપ્રીમ લીડરના મોત પર રહસ્ય!

ઈરાનમાં શહીદોને સમર્પિત એક કાર્યક્રમમાં મોજતબા ખામેનેઈની તસ્વીર લગાવાયેલા પોસ્ટરો દેખાતા વિવાદ અને અટકળો શરૂ થઈ ગઈ છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (ૈંઇય્ઝ) સાથે જોડાયેલા આ કાર્યક્રમમાં સામાન્ય રીતે શહીદોની તસ્વીરો જ મૂકવામાં આવે છે, જેના કારણે મોજતબાની તસવીર દેખાતા પર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.મીડિયા રિપોર્ટ મુજબ, તાજેતરમાં થયેલા અમેરિકી હુમલામાં મોજતબા ખામેનેઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમનો ચહેરો દાઝી ગયો હોવાથી તેમને બોલવામાં તકલીફ પડી રહી હતી.



જોકે, ઈરાન સરકાર દ્વારા તેમના મોત કે ગંભીર હાલત અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. તેઓ ઘણા સમયથી જાહેરમાં દેખાયા ન હોવાથી આ શંકા વધી ગઈ છે.બીજીતરફ ૈંઇય્ઝએ આક્રમક રીતે કહ્યું છે કે, ઈરાન તમામ ખતરાઓનો સામનો કરવા માટે તૈયાર છે. જમીની લડાઈ સહિતની તમામ સંરક્ષણ યોજનાઓને અપડેટ કરવામાં આવી છે. ઈરાની સુરક્ષા દળો તમામ મોરચે અને ઈન્ટેલિજન્સ સ્તરે એલર્ટ પર છે અને પોતાની સૈન્ય વ્યૂહરચના સતત મજબૂત કરી રહ્યા છે.

હોર્મુઝ સ્ટ્રેટને પોતાની વ્યૂહાત્મક પ્રાથમિકતા ગણાવી છે અને તેમણે ફરી કહ્યું કે, આ જળમાર્ગ પર ઈરાનનું જ નિયંત્રણ રહેશે. અમેરિકા અને તેના સાથીઓની ગતિવિધિઓને રોકવી એ ઈરાનની પ્રાથમિકતા છે. ઈરાનની સૈન્ય કમાન ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટરે પણ ચેતવણી આપી છે કે, જો અમેરિકી સૈન્ય નાકેબંધી કે જળમાર્ગમાં દબાણ ચાલુ રાખશે, તો ઈરાન તેનો કડક જવાબ આપશે.

**તંત્રી લેખ**

# દેશની એન્જિનિયરિંગ નિકાસમાં નોંધપાત્ર ઘટાડો

પશ્ચિમ એશિયા યુદ્ધ અને શિપિંગ રૂટ બંધ થવાને કારણે ભારતની એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસમાં ભારે ઘટાડો નોંધાયો છે. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના બજારમાં શિપમેન્ટમાં ૬૬.૮% અને સાઉદી અરેબિયામાં ૪૫%નો ઘટાડો થયો છે. માર્ચમાં યુએઈમાં એન્જિનિયરિંગ માલની નિકાસ ઘટીને ૨૩૭.૪ મિલિયન ડોલર થઈ ગઈ જે પાછલા વર્ષના સમાન સમયગાળામાં ૭૧૪.૮ મિલિયન ડોલર હતી. સાઉદી અરેબિયાની નિકાસ માર્ચ ૨૦૨૫ માં ૪૫૦.૫ મિલિયન ડોલર થી ઘટીને ૨૪૭.૭ મિલિયન ડોલર થઈ હતી.યુએઈ વેપાર-ટ્રાન્સશિપમેન્ટ હબ હોવાથી, ઘણા ભારતીય નિકાસકારો યુરોપ, આફ્રિકા અને યુએસએ સાથે વધુ વેપાર માટે ત્યાં વેરહાઉસ ધરાવે છે. આ ક્ષેત્રમાં તાજેતરના ભૂ-રાજકીય સંઘર્ષોએ પણ આ વેરહાઉસ પ્રવૃત્તિઓને અસર કરી છે તેમ એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે જણાવ્યું હતું.મુખ્ય પશ્ચિમ એશિયાઈ બજારોમાં ફટકો પડયો હોવા છતાં. આ મહિના દરમિયાન એકંદર એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસ ૧.૧૩% વધીને ૧૦.૯૪ બિલિયન ડોલર થઈ હતી. ૨૦૨૫-૨૬ દરમિયાન એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસ ૪.૮૬% વધીને ૧૨૨.૪૩ બિલિયન ડોલર થઈ હતી.૨૦૨૫-૨૬ માં કુલ વેપારી નિકાસમાં આ ક્ષેત્રનો હિસ્સો ૨૭.૭૧% હતો. માર્ચ ૨૦૨૬માં આ હિસ્સો ૨૮.૧૧% થી પણ વધુ સારો હતો. આગળ જતાં, નિકાસ ગતિને ટકાવી રાખવા અને લાંબા ગાળાના નિકાસ લક્ષ્યો તરફ આગળ વધવા માટે ક્ષેત્રીય સ્થિતિસ્થાપકતા, બજાર વૈવિધ્યકરણ અને લક્ષિત નીતિગત હસ્તક્ષેપોનું સંયોજન મહત્વપૂર્ણ બની રહેશે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે ગુજરાતના વિવિધ સ્થળેથી મળેલ ફરીયાદોના અનુસંધાને રાજ્ય ચૂંટણી આયોગને તથા જવાબદાર અધિકારીઓને કરવામાં આવેલ રજુઆત-ફરીયાદો નીચે મુજબ છે.

૧. વર્તમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પ્રચારમાં ગુજરાત સરકારના મંત્રી શ્રી સંજયસિંહ મહિડાના ધમકીભર્યા નિવેદન પર કાયદાકીય કાર્યવાહી કરવા બાબત

૨. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ભાજપાને મત આપવાની અપીલ બાબતે ફરિયાદ

૩. મતદાન મથકના ૧૦૦ મીટરની અંદર ટેબલ-બુથ લગાવી આચાર સંહિતાના ભંગ બાબત- વસ્ત્રાપુર

૪. અચાનક બુથ બદલી મતદારોને હેરાન કરવા બાબત-ખોખરા -મહેમદાવાદ

૫. અચાનક બુથ બદલી મતદારોને હેરાન કરવા બાબત-બોડકદેવ

૬. બુથ કેપચરિંગ બાબત-મક્તમપુરા

૭. કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારના મુખ્ય એજન્ટ પર કરેલ હુમલા બાબત-ઘાટલોડિયા

૮. મતદાન મથકે આપેલ મતદારીયાદીમાં ખોટી રીતે ડિલીટના સિક્કા મરેલ છે તે બાબતે-ચાંદખેડા

૯. પાલડી બુથ નં. ૨૧, ૨૮, ૨૯માં ૧૦ નંબરનું બટન દબાતું નથી જે અંગેની ફરિયાદ બાબતે-

૧૦. અમદાવાદ મહાનગરપાલિકા વોર્ડ, અમરાઈવાડીમાં મતદારોને મતદાન મથક ન મળવા અંગે

૧૧. બોગસ મતદાન સામે કાર્યવાહી કરવા બાબત-ખોખરા

૧૨. અસામાજીક તત્વો સામે કાર્યવાહી કરવા બાબત- મક્તમપુરા

૧૩. સાંતેજ પો.ઈ. દ્વારા કોંગ્રેસ પક્ષના કલોલ તાલુકા કોંગ્રેસ પ્રમુખને સવારે ૧૧-૦૦ વાગે ઉપાડીને ક્યાંક લઈ ગયેલ છે તે બાબત.

૧૪. બોગસ મતદાન અટકાવવા આણંદ તાલુકો વાસદ તાલુકા પંચાયત

૧૫. નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં બાસુંદીવાલા હાઈસ્કૂલના બુથ પર ધારાસભ્ય શ્રી પંકજ દેસાઈની લુખ્ખાગીરી બાબતે

૧૬. સાબરમતી વોર્ડ નં. ૪ માં મતદાન ન કરવા દેવા અંગે ફરિયાદ

૧૭. સુરત વોર્ડ નં. ૧૯ ના કોંગ્રેસના ઉમેદવાર અને તેમના એજન્ટને ગેરકાયદેસર રીતે અટકાયત કરવા બાબત

૧૮. માળીયા મિયાણાના મેઘપર ગામમાં ભાજપના અસામાજિક તત્વો દ્વારા મતદાન મથકને કબજે કરવાનો આશંકા બાબત

૧૯. અમદાવાદના ગોતા વોર્ડ નં. ૧ ના મતદાન મથક નં. ૧૬/૯૧ સત્યમ વિસ્ટામાં ભાજપની અસામાજીક પ્રવૃત્તિ બાબત

૨૦. અમદાવાદના વાસણા વોર્ડની અનુપમ પાઠ શાળા બુથ નં. ૨૭/૨૩ ના ફરીયાદ

૨૧. સરખેજ વોર્ડના બુથ નં. ૬૯, ૭૦, ૭૧, ૭૨ માં અસામાજીક તત્વો સામે ફરીયાદ

૨૨. વાંકાનેરના પી.આઈ. આર.પી. જાડેજાની ભાજપ પ્રત્યેની વફાદારી બાબતે

૨૩. સરખેજ વોર્ડ ૩૩ના બુથ નં. ૭૩, ૭૪, ૭૫ માં અસામાજીક તત્વો સામે ફરીયાદ

૨૪. અમદાવાદના વોર્ડ વાસણાના જી.બી. શાહ કોમર્સ કોલેજના બુથમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારોના નિશાન પંજાનું બટન દબાતું નથી તે બાબતની ફરીયાદ

**૨૫. To take steps to stop illegal activities at Chroa & Edenwala School, Sidhpur Booths**

**26. Urgent complaint regarding illegal distribution of liquro to influence voters in Vyara village, Waghodia Taluka – Immediate action requested**

૨૭. કરમસદ-આણંદ મ.ન.પા. વોર્ડ નં. ૧૩ કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ઉપર ખૂની હુમલો કરવા બાબતે

# આપણે ઘણીવાર બીજાને મદદ કરવાની ધૂનમાં આપણા મૂળ કર્તવ્યને જ ભૂલી જઈએ છીએ.ધર્મ એટલે માત્ર દાન-પુણ્ય નહિ,પણ વિવેકપૂર્ણ ફરજ છે

ધર્મ એટલે માત્ર દાન-પુણ્ય નહિ, પણ વિવેકપૂર્ણ ફરજ. ઘણીવાર આપણે બીજાને મદદ કરવાની ધૂનમાં આપણા મૂળ કર્તવ્યને જ ભૂલી જઈએ છીએ. જેઠના તાપમાં તરસ્યા પરિવાર માટે પાણી લેવા નીકળેલા એક સદાચારી પુરુષ અને ઋષિ વચ્ચેના સંવાદની આ કથા એ જ શીખવે છે કે સાચી સેવા 'ડોલ ભરીને આપવી' નથી, પણ 'ઝરણાનો રસ્તો બતાવવો' છે. ટૂંકા ગાળાની મદદથી કાયમી ઉત્કર્ષ તરફ લઈ જતો આ બોધ આજના સમયમાં પણ એટલો જ પ્રસ્તુત છે.એક સદાચારી પુરુષ પોતાના પરિવાર સાથે તીર્થયાત્રાએ નીકળ્યો. જેઠનો આકરો તાપ, ધોમધખતો રસ્તો અને માઈલો સુધી પાણીનું નામો નિશાન નહિ. સાથે લીધેલું પાણી ખૂટી ગયું અને બાળકો તરસથી વ્યાકુળ થઈ ગયા. પિતા તરીકેની લાચારી અને ગૃહસ્થ તરીકેની જવાબ દારી વચ્ચે ઝોલા ખાતા તેણે અંતે ઈશ્વરને પોકાર કર્યો, ''હે પ્રભુ!હવે તમે જ આધાર છો.''

થોડે દૂર તપ કરતા એક ઋષિ દેખાયા. દુઃખી પિતાએ ઋષિને પોતાની વ્યથા કહી. ઋષિએ શાંતિથી ઉત્તર દિશામાં દોઢ કિલોમીટર દૂર વહેતા એક નાના ઝરણાનો માર્ગ બતાવ્યો. આનંદથી છલકાતો તે માણસ પરિવારને ત્યાં જ બેસાડી પાણી લેવા એકલો દોડ્યો.પણ પાણી ભરેલી ડોલ લઈ પાછા ફરતા તેને રસ્તામાં પાંચ અજાણ્યા લોકો મળ્યા જે તરસથી અધમૂઆ થઈ ગયા હતા. સદાચારી હૃદય બીજાનું દુઃખ જોઈ ન શક્યું. તેણે તરત જ આખી ડોલ તેમને પીવડાવી દીધી. ફરી નદીએ ગયો,ફરી ડોલ ભરી, અને ફરી રસ્તામાં બીજા પાંચ તરસ્યા જીવો મળ્યા. કરુણાથી દ્રવીને તેણે ફરીથી બધું પાણી દાન કરી દીધું. આ ક્રમ ચાલતો રહ્યો.

સમય વીતતો ગયો પણ તે પાછો ન ફર્યો, એટલે ઋષિ પોતે તેને શોધવા નીકળ્યા. તેમણે જોયું કે પેલો માણસ વારંવાર ડોલ ભરીને લાવે છે અને દર વખતે કોઈ ને કોઈ તરસ્યાને પાણી પીવડાવી ખાલી હાથે ઊભો રહી જાય છે. ઋષિએ પૂછ્યું, ''હે પુણ્યાત્મા! આમ વારંવાર ડોલ ભરીને ખાલી કરવાથી તને શું મળ્યું?''તે માણસે નિર્લેપભાવે જવાબ આપ્યો, ''મહારાજ, મેં શું મેળવ્યું કે શું ગુમાવ્યું તેનો હિસાબ મેં ક્યારેય કર્યો નથી. મારો સ્વાર્થ બાજુએ મૂકીને મેં ફક્ત મારી ફરજ બજાવી છે.''

ઋષિ સહેજ હસ્યા અને ગહન વાત કરી: ''પણ પોતાના ધર્મનું પાલન કરવામાં જ્યારે તું નિષ્ફળ ગયો,ત્યારે આપરોપકાર નો અર્થ શો? તારા બાળકો અને પત્ની પાણી વિના તડપે છે. તારો પહેલો ધર્મ તેમના પ્રત્યેનો છે. મેં તને પાણી લાવીને ન આપ્યું, મેં તને નદીનો રસ્તો બતાવ્યો. તેવી જ રીતે તારે પણ એ તરસ્યા લોકોને ઝરણા સુધી પહોંચવાનો માર્ગ બતાવવો જોઈતો હતો. જેથી તારી ડોલ ક્યારેય ખાલી ન થાત, તારો પરિવાર પણ બચી જાત અને બીજા સેંકડો લોકોની તરસ પણ કાયમ માટે છીપીજાત

આટલું કહી ઋષિ અંતર્ધાન થઈ ગયા. અને તે સદાચારી પુરુષને જીવનનો સૌથી મોટો બોધમળ્યો સાચું પુણ્ય એ નથી કે આપણે વારંવાર આપણું પાત્ર ખાલી કરતા રહીએ. સાચું પુણ્ય એ છે કે આપણે બીજાને એ સક્ષમ બનાવીએ કે તેઓ પોતાનું પાત્ર જાતે ભરી શકે.

સ્વધર્મ અને પરમાર્થનું સમતોલન આ કથા શીખવેછે કે પુણ્યનો માર્ગ ઘર-પરિવારની અવગણના કરીને નથી મળતો. આપણો પ્રથમ ધર્મ 'સ્વધર્મ' છે. જે વ્યક્તિ પોતાનાં સંતાનોને તરસ્યાં મૂકીને આખી દુનિયાને પાણી પીવડાવવા દોડે છે, તે ધર્મના મૂળ સિદ્ધાંતને જ ચૂકી જાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણ કહે છે કે 'સ્વધર્મે નિધનં શ્રેયઃ'.બીજાના ધર્મને આદર્શ માનીને પોતાનો ધર્મ છોડવો તે યોગ્ય નથી.

'તાત્કાલિક મદદ' થી 'કાયમી ઉત્કર્ષ' તરફ આધુનિક સમય માં જેને 'તાત્કાલિક રાહત' અને 'કાયમી વિકાસ' કહેવાય છે, તે સિદ્ધાંત ઋષિએ ત્યારે જ સમજાવી દીધો.કોઈ ભૂખ્યાને રોજ રોટલો આપશો તો તે આજીવન તમારા પર નિર્ભર રહેશે. પણ જો તેને રોટલો કમાતા શીખવાડશો, તો તે આખી જિંદગી પોતાનું પેટ ભરશે અને બીજા દસને શીખવાડશે. ટૂંકા ગાળાની મદદ વ્યક્તિને રાહત આપે છે,જ્યારે માર્ગદર્શન આખી પેઢીને સ્વાવલંબી બનાવે છે. સમાજસેવાનું સાચું લક્ષ્ય 'તાત્કાલિક રાહત' માંથી 'કાયમી ઉત્કર્ષ' તરફ જવાનું છે.

કથારૂપી અમૃત અને નામનો મહિમા પ્રભુની લીલાકથા અમૃત સ્વરૂપ છે. સ્વર્ગનું અમૃત પુણ્ય ખૂટ્યે પૂરું થાય, પણ હરિકથાનું અમૃત પાપોને બાળે છે અને કલ્યાણ કરે છે. હનુમાનજીએ સીતાજીની વિરહ-વેદનાનું જે વર્ણન કર્યું તે અદ્ભુત છે. રામનું નામ અને ધ્યાન એવા પહેરેગીર છે જે પ્રાણને શરીર છોડવા જ દેતા નથી. મન, વચન અને કર્મથી જ્યારે જીવ ઈશ્વરમાં પરોવાઈ જાય, ત્યારે બાહ્ય સંજોગો ગમે તેટલા કપરા હોય, અંદર શાંતિ અખંડ રહે છે. ભગવાન પોતે આવીને દુઃખ દૂર નથી કરતા, પણ તેમનું નામ, તેમનું ધ્યાન, તેમની કથા એવો રસ્તો બતાવે છે કે જીવ પોતે જ ભવસાગર તરી જાય.

ગોપીઓનો વિરહ એટલે સંપૂર્ણ સમર્પણ ગોપીઓએ કનૈયા માટે લોકલાજ, કુટુંબ, સમાજ બધું છોડ્યું. તેમનું ચિત્ત હવે દુનિયાની કોઈ ચીજમાં ચોંટતું નથી. પાણી વિનાની માછલીની જેમ તેમનો જીવ તરફડે છે. આ વિરહ એ જ સાચી ભક્તિની પરાકાષ્ઠા છે. જ્યારે આપણે સંસારના 'પાણી' પરથી વિશ્વાસ ઉઠાવીને ઈશ્વરરૂપી 'ઝરણા' તરફ દોટ મૂકીએ, ત્યારે જ સમજવું કે ઋષિએ બતાવેલો રસ્તો સાચા અર્થમાં સમજાયો છે.

આજના સંદર્ભમાં બોધ

આજે આપણે સૌ કોઈ ને કોઈ રીતે 'પાણીની ડોલ' લઈને દોડીએ છીએ. કોઈ ગરીબ બાળકોને ભણાવે છે, કોઈ ભૂખ્યાને જમાડે છે, કોઈ દર્દીઓની સેવા કરે છે. આ બધું જ પવિત્ર કાર્ય છે. પણ જો આપણે ફક્ત 'ડોલ ભરીને આપવા' પૂરતું સીમિત રહીશું, તો એક દિવસ આપણી શક્તિ, સમય અને સંસાધનો ખૂટી જશે. આપણા પોતાના 'પરિવાર' એટલે કે આપણું સ્વાસ્થ્ય, આપણું કુટુંબ, આપણી આંતરિક શાંતિ, તે જોખમાશે.

માટે રસ્તો એ છે કે શિક્ષણ દ્વારા, કૌશલ્ય દ્વારા, સંસ્કાર દ્વારા લોકોને 'નદી'સુધી પહોંચતા શીખવો. એક બાળકને ભણાવો એટલે આખી પેઢીને તરસથી બચાવો.એક સ્ત્રીને આત્મનિર્ભર બનાવો એટલે આખા કુટુંબને ઝરણા સુધીનો રસ્તો બતાવો. એક વ્યસનીને વ્યસનમુક્તિનો માર્ગ બતાવો એટલે તેના પરિવાર ની ડોલ કાયમ માટે ભરી દો.

અન્નદાન મહાદાન છે, પણ જ્ઞાનદાન, કથાદાન સર્વશ્રેષ્ઠ છે. કારણ કે અન્ન એક ટંકની ભૂખ ભાંગે છે,જ્યારે જ્ઞાનજન્મોજન્મ ની તરસ છીપાવે છે.

અંતમાં, ઋષિનો સંદેશ સ્પષ્ટ છેઃ ફક્ત સારા બનવું પૂરતું નથી, બીજાને સારા બનવાનો રસ્તો બતાવવો એ જ સાચો ધર્મ છે. તમારી ડોલ ભરેલી રાખો, પણ એ ડોલમાંથી બીજાના પાત્રો ભરવાને બદલે, તેમને સીધા ઝરણા સુધી લઈ જાઓ. એ જ નિઃસ્વાર્થ સેવા છે, એ જ સાચું પુણ્ય છે. જીવનમાં જ્યારે પણ 'પુણ્ય કે ફરજ' વચ્ચે મૂંઝવણ થાય, ત્યારે યાદ રાખજો – દાન આપવું સહેલું છે, માર્ગ બતાવવો અઘરો છે, પણ પરિણામમાં અમૃત સમાન છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

**યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા**

# એક પણ ચૂંટણીમાં મત આપવાનું ન ચૂકતા મગોડીના ૭૦ વર્ષીય વીણાબેન આચાર્યનો મતાધિકાર પ્રત્યેનો અજોડ ઉત્સાહ

લોકશાહીનો પાયો તેના નાગરિકોના મતાધિકાર પર ટકેલો છે. જ્યારે વાત લોકશાહીના પર્વ એટલે કે 'ચૂંટણી'ની આવે ત્યારે યુવાનોથી લઈને વૃદ્ધો સુધી સૌ કોઈમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. આવો જ એક પ્રેરણાદાયી કિસ્સો મગોડી ગામના વતની શ્રીમતી વીણાબેન કન્હૈયાલાલ આચાર્યનો સામે આવ્યો છે.

વીણાબેન ૭૦ વર્ષના વરિષ્ઠ નાગરિક છે. સામાન્ય રીતે આ ઉંમરે લોકો શારીરિક નબળાઈ કે સ્વાસ્થ્યના પ્રશ્નોને કારણે ઘરની બહાર નીકળવાનું ટાળતા હોય છે. પરંતુ વીણાબેન માટે તેમનું સ્વાસ્થ્ય તેમના નાગરિક ધર્મ આડે ક્યારેય આવ્યું નથી. તેઓ ગર્વ સાથે જણાવે છે કે અત્યાર સુધીની એક પણ ચૂંટણીમાં તેમણે પોતાનો મતો આપવાનું ચૂક્યું નથી. તેમની આ સાતત્યતા દરેક ભારતીય નાગરિક માટે એક આદર્શ સમાન છે.

વીણાબેને જણાવ્યું હતું કે તેમને હાઈ બ્લડપ્રેશરની તકલીફ છે. શારીરિક અસ્વસ્થતા હોવા છતાં, તેઓ મતદાન મથક સુધી પહોંચીને પોતાનો કિંમતી મત આપવાનું ભૂલતા નથી. મતદાન બાદ બુથ ખાતે જ તેમને બ્લડ પ્રેશર હાઈ થતા જરૂરી સારવાર પણ અપાઈ હતી× તેમ છતાં તેમણે કહ્યું હતું કે તબિયત નરમ-ગરમ હોય, પણ દેશના ભવિષ્ય માટે મત આપવો એ મારી પ્રથમ ફરજ છે. વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે ચૂંટણી દરમિયાન વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. વીણાબેને આ વ્યવસ્થાઓની ખુલ્લા મનથી પ્રશંસા કરી છે. તેમણે જણાવ્યું કે, ઉનાળાની ગરમીમાં મતદારો માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. વૃદ્ધોને લાંબી લાઈનમાં ઉભા ન રહેવું પડે તે માટે બેઠક વ્યવસ્થાની સુવિધા છે. આ સુવિધાઓને કારણે જ વીણાબેન જેવા અનેક વરિષ્ઠ નાગરિકો કોઈપણ મુશ્કેલી વગર પોતાનો મતાધિકાર ભોગવી શકે છે.

લોકશાહી ત્યારે જ મજબૂત બને છે જ્યારે દરેક નાગરિક જાગૃત બને. વીણાબેને સાબિત કરી દીધું છે કે જો મનમાં દ્રઢ નિશ્ચય અને દેશ પ્રત્યે પ્રેમ હોય, તો વધતી ઉંમર કે બીમારી ક્યારેય તમારી ફરજમાં આડે આવતી નથી.

# પહેલા મતદાન પછી કન્યાદાનઃ ગુજરાતમાં અનેક વર-વધુએ લગ્ન પહેલા લોકશાહીનો ઉત્સવ ઉજવ્યો

રાજ્યમાં આજે (૨૬મી એપ્રિલ) લોકશાહીના મહાપર્વ નિમિત્તે વહેલી સવારથી મતદાનની પ્રક્રિયા શરૂ થઈ છે. આ પર્વમાં અનેક એવા દ્રશ્યો સામે આવ્યા છે જે લોકશાહીને વધુ મજબૂત બનાવે છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આજે લગ્નગ્રંથિથી જોડાનારા અનેક વર-કન્યાઓએ ×પહેલા મતદાન, પછી કન્યાદાન×ના સૂત્રને સાર્થક કરી લગ્નવિધિ પહેલા મતદાન કરવાને પ્રાધાન્ય આપ્યું હતું.જામનગરના ગુલાબનગરમાં એક પ્રેરણાદાયી કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક જ પરિવારના ભાઈ અને બહેનના આજે એકસાથે લગ્ન છે. લગ્નના વ્યસ્ત શિડ્યુલ અને વિધિઓ વચ્ચે પણ બંને ભાઈ-બહેને સૌથી પહેલા મતદાન મથકે પહોંચી પોતાનો મત આપ્યો હતો અને લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી.

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં વરરાજા નીતિન પંચાલ પોતાની શણગારેલી કાર સાથે રખાપુર મતદાન મથકે પહોંચ્યા હતા. લગ્નના પગરખાં પહેરતા પહેલા તેમણે લોકશાહીની ફરજ બજાવી હતી. તેવી જ રીતે મેઘરજમાં પાર્થ સુથાર અને દિયા સુથાર નામના




યુગલે પણ લગ્નવિધિ પૂર્વે મતદાન કરીને જાગૃત નાગરિક હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

રાજકોટ જિલ્લામાં પણ અનેક કન્યાઓએ મતદાન કરીને સૌના દિલ જીતી લીધા છે. ત્યારે જસદણના આટકોટમાં દીનતા વઘાસિયા નામની દુલ્હને લગ્ન પહેલા મતદાન કર્યું. તેણે ભાવુક થઈને જણાવ્યું કે, 'આજે મારા લગ્ન છે અને આજે જ લોકશાહીનો પર્વ પણ છે. મારા પિયરમાં આ મારું અંતિમ મતદાન છે, જે મારા માટે ખૂબ ગર્વની વાત છે.

## અમેરિકા, ઈઝરાયલ સાથેના યુદ્ધ પછી ઈરાને પહેલી વાર તેહરાન આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી વાણિજ્યિક ફ્લાઈટ્સ ફરી શરૂ કરી

લગભગ ૨ મહિના પહેલા યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ સાથે સંઘર્ષ શરૂ થયા પછી ઈરાને શનિવારે તેહરાનના મુખ્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી પ્રથમ વખત વાણિજ્યિક ફ્લાઈટ્સ ફરી શરૂ કરી.

સરકારી ટેલિવિઝનના અહેવાલ મુજબ ઈમામ ખોમેની આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ઈસ્તંબુલ, મસ્કત અને મદીના માટે ફ્લાઈટ્સ રવાના થઈ હતી. ફ્લાઈટ ટ્રેકિંગ પ્લેટફોર્મ ફ્લાઈટરાડાર૨૪ એ સૂચવ્યું હતું કે શનિવારે સવારે ઈસ્તંબુલ માટે ઓછામાં ઓછી ૩ ફ્લાઈટ્સ રવાના થઈ હતી.

યુનાઈટેડ સ્ટેટ્સ સાથે યુદ્ધવિરામ બાદ ઈરાને આ મહિનાની શરૂઆતમાં તેનું હવાઈ ક્ષેત્ર આંશિક રીતે ફરીથી ખોલ્યું હતું, જેનાથી બંને દેશો વચ્ચેની દુશ્મનાવટનો અંત આવ્યો હતો.

શુક્રવારે રાત્રે ઈસ્લામાબાદ પહોંચ્યા પછી ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ પાકિસ્તાનના લશ્કરી અને રાજકીય નેતૃત્વ સાથે ૨ રાઉન્ડની વાટાઘાટો કરી હતી ત્યારે આ વિકાસ થયો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાની પ્રતિનિધિમંડળ વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા ચાલુ રાખશે, જ્યારે યુએસ રાજદૂતો શનિવારે ઈસ્લામાબાદ પહોંચવાની અપેક્ષા છે.

વ્હાઈટ હાઉસે પુષ્ટિ આપી હતી કે ડોનાલ્ડ ટ્રમ્પ તેહરાન સાથે યુદ્ધવિરામ વાટાઘાટોને પુનર્જીવિત કરવાના નવા પ્રયાસમાં સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરને પાકિસ્તાન મોકલશે. જોકે, અરાઘચીના આગમન પછી તરત જ, ઈરાને સંકેત આપ્યો કે યુએસ પ્રતિનિધિઓ સાથેની કોઈપણ વાતચીત પરોક્ષ રહેશે, જેમાં પાકિસ્તાની અધિકારીઓ મધ્યસ્થી તરીકે કામ કરશે.રાજદ્વારી દબાણ અનિશ્ચિત યુદ્ધવિરામને અનુસરે છે જેણે મોટાભાગના યુદ્ધો થોભાવ્યા છે પરંતુ વૈશ્વિક બજારોમાં, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી અસરગ્રસ્ત ઊર્જા શિપમેન્ટમાં વિક્ષેપ પાડતો રહે છે. ટ્રમ્પે આ અઠવાડિયાની શરૂઆતમાં યુદ્ધવિરામ લંબાવવાની જાહેરાત કર્યા પછી, પાકિસ્તાન વોશિંગ્ટન અને તેહરાનને વાટાઘાટોના ટેબલ પર પાછા લાવવા માટે કામ કરી રહ્યું છે, જે ઈસ્લામાબાદની રાજદ્વારી માટે વધુ સમયની વિનંતીનો જવાબ આપે છે.

## હોર્મુઝની સામુદ્રધુની નાકાબંધી '૧૦૦% અસરકારક' છે, તેથી ત્રીજું યુએસ એરક્રાફ્ટ કેરિયર ઈરાન નજીક પહોંચ્યું: ટ્રમ્પ



વોશિંગ્ટન,

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારપૂર્વક કહે છે કે ઈરાનની સેના પર સંપૂર્ણ સર્વોપરિતા પ્રાપ્ત થઈ ગઈ છે, પરંતુ મધ્ય પૂર્વમાં સંઘર્ષ ચાલુ રહેતાં, યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) એ ઈરાની જળસીમા નજીક ત્રીજું વિમાનવાહક જહાજ મોકલ્યું છે. વિમાનવાહક જહાજ, યુએસએસ જ્યોર્જ એચડબ્લ્યુ બુશ (સીવીએન ૭૭), નિમિત્ઝ-ક્લાસ જહાજ છે, અને ડઝનેક ફાઈટર જેટ અને લશ્કરી કર્મચારીઓને વહન કરે છે.

×નિમિત્ઝ-ક્લાસ વિમાનવાહક જહાજ યુએસએસ જ્યોર્જ એચ.ડબ્લ્યુ. બુશ (સીવીએન ૭૭) ૨૩ એપ્રિલના રોજ યુએસ સેન્ટ્રલ કમાન્ડના જવાબદારી ક્ષેત્રમાં હિંદ મહાસાગરમાં સફર કરે છે,× યુએસ સેન્ટ્રલ કમાન્ડે ઠ (અગાઉ ટ્વિટર) પર એક નિવેદનમાં જણાવ્યું હતું, જ્યારે ઉમેર્યું હતું કે વિમાનવાહક જહાજ આફ્રિકાના પૂર્વ કિનારાથી મુસાફરી કરી રહ્યું હતું.

યુએસએસ જ્યોર્જ એચડબ્લ્યુ બુશ આ ક્ષેત્રમાં યુએસએસ ગેરાલ્ડ આર ફોર્ડ અને યુએસએસ અબ્રાહમ લિંકન સાથે જોડાશે. બુશના ઉદ્દેશ્યો શું હશે તે સ્પષ્ટ નથી, પરંતુ એક અધિકારીને ટાંકીને, ધ વોશિંગ્ટન પોસ્ટે જણાવ્યું હતું કે યુએસ સૈન્ય ઈરાન પર તેના હુમલાઓ ફરી શરૂ કરવા માટે તૈયાર છે. વધુમાં, અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઈરાન સાથેના યુદ્ધવિરામથી સૈન્યને મધ્ય પૂર્વમાં ×જહાજો અને વિમાનોને ફરીથી ગોઠવવા અને ફરીથી સ્ટોક કરવા× માટે સમય મળ્યો છે.

ઈરાનની નૌકાદળ નાકાબંધી

જોકે, આ ક્ષેત્રમાં બુશના આગમનને અમેરિકા દ્વારા ઈરાન પરના તેના નાકાબંધીને મજબૂત બનાવવાના પગલા તરીકે જોવામાં આવે છે. ટ્રમ્પના મતે, નાકાબંધીનો હેતુ ઈરાનને આર્થિક રીતે ખાલી કરવાનો અને તેની અર્થવ્યવસ્થાને દબાવવાનો છે જેથી તેને શાંતિ કરાર સ્વીકારવા દબાણ કરી શકાય. પરંતુ ઈરાને અમેરિકાની ×ગેરવાજબી× માંગણીઓ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે અને નાકાબંધીને ગેરકાયદેસર ગણાવી છે.

આમ છતાં, ટ્રમ્પે દાવો કર્યો છે કે નાકાબંધી ×૧૦૦ ટકા અસરકારક× છે, જ્યારે નોંધ્યું છે કે ઈરાન સાથેના સંઘર્ષને સમાપ્ત કરવા માટે તેમના પર ×કોઈ દબાણ× નથી. તેમણે એ પણ નિર્દેશ કર્યો છે કે ઈરાન સાથેનો સોદો ફક્ત ત્યારે જ કરવામાં આવશે જો તે અમેરિકા અને તેના સાથીઓના શ્રેષ્ઠ હિતમાં હોય.

## દાઉદ ઈબ્રાહિમના શંકાસ્પદ સાથી સલીમ ડોલાની તુર્કીમાં ધરપકડ

એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાર્યવાહીમાં, તુર્કીના અધિકારીઓએ ઈસ્તંબુલમાં ભારતીય ડ્રગ માફિયાના કથિત નેતા સલીમ ડોલાની ધરપકડ કરી છે. ભારતીય સુરક્ષા એજન્સીઓએ આ ઘટનાક્રમની પુષ્ટિ કરી છે, અને તેને વૈશ્વિક ડ્રગ હેરફેર સામેની લડાઈમાં એક મોટી સફળતા ગણાવી છે. ડોલા અનેક દેશોમાં ફેલાયેલા આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ નેટવર્કમાં મુખ્ય ખેલાડી માનવામાં આવે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડોલા વર્ષોથી એક વિશાળ ડ્રગ સિન્ડિકેટ ચલાવી રહ્યો હતો, જે વિદેશમાંથી કામગીરીને નિયંત્રિત કરતો હોવાનું કહેવાય છે. તેનું નેટવર્ક વૈશ્વિક સિન્થેટિક ડ્રગ્સના વેપાર સાથે જોડાયેલું હોવાનું કહેવાય છે, જેની સપ્લાય ચેઈન ભારત સહિત અનેક પ્રદેશોમાં પહોંચે છે.

તપાસકર્તાઓનું માનવું છે કે તેણે દેશની બહાર રહીને ભારતમાં ડ્રગ વિતરણ માટે એક મુખ્ય ચેનલનું સંચાલન કર્યું હતું.

અંડરવર્લ્ડ લિંક્સ ગંભીર ચિંતાઓ ઉભી કરે છે

કેસના સૌથી ગંભીર પાસાઓમાંનું એક ડોલાનું દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલા અંડરવર્લ્ડ નેટવર્ક્સ સાથે કથિત જોડાણ છે. અધિકારીઓ કહે છે કે આ લિંક્સ સંગઠિત ગુના અને આંતરરાષ્ટ્રીય ડ્રગ હેરફેર વચ્ચે ઊંડા જોડાણ તરફ નિર્દેશ કરી શકે છે, જે એજન્સીઓ વર્ષોથી ટ્રેક કરી રહી છે.

મુંબઈથી દુબઈ સુધીની કામગીરી

ડોલા મૂળ મુંબઈમાં સક્રિય હતો અને દુબઈમાં પોતાનો આધાર ખસેડતો હતો, જ્યાંથી તે પોતાની કામગીરી ચાલુ રાખતો હતો. તાજેતરના મહિનાઓમાં, ભારતીય એજન્સીઓએ તેના નેટવર્કની આસપાસ જાળ કડક કરી દીધી હતી.

૨૦૨૫ માં, મુંબઈ પોલીસે તેના ઘણા નજીકના સાથીઓની ધરપકડ કરી હતી અને તેના પરિવારના સભ્યોની પણ ધરપકડ કરી હતી.

રેડ કોર્નર નોટિસ અને ઈનામ જારી

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (દ્મઝ્રમ્) એ અગાઉ ડોલા સામે રેડ કોર્નર નોટિસ જારી કરી હતી અને તેની ધરપકડ તરફ દોરી જતી માહિતી માટે ઈનામની જાહેરાત કરી હતી.

## તમન્ના ભાટિયાની સુંદરતાના વખાણ કરી અન્નૂ કપૂર ફસાયો



એક્ટર અન્નુ કપૂરે એક્ટ્રેસ તમન્ના ભાટિયાના ગીત 'આજ કી રાત' પર કરેલી પોતાની 'દૂધિયા બદન' વાળી ટિપ્પણી પર સ્પષ્ટતા કરી છે. ભારે ટ્રોલિંગ પછી હવે એક્ટરનું કહેવું છે કે- તેની ટિપ્પણીને ખોટી રીતે લેવામાં આવી અને તેનો ઈરાદો ફક્ત વખાણ કરવાનો હતો.સિદ્ધાર્થ કનનને આપેલા એક ઈન્ટરવ્યૂમાં અન્નુ કપૂરે કહ્યું- "લોકોએ મને ગાળો આપી. મારું કહેવું માત્ર એટલું છે કે જો હું 'દૂધિયા બદન' કહું છું તો હોબાળો થઈ જાય છે, પરંતુ આ જ વાત અંગ્રેજીમાં 'મિલ્કી બોડી' કહેવામાં આવે તો કોઈને કોઈ મુશ્કેલી થતી નથી." તેણે આગળ કહ્યું કે તમન્ના તેની દીકરીની ઉંમરની છે અને તેના મનમાં તેના માટે કોઈ ખોટી ભાવના નથી. 'જો ખરાબ લાગ્યું હોય તો પગે લાગવા તૈયાર છું' પોતાની સ્પષ્ટતા દરમિયાન અન્નુએ એમ પણ કહ્યું કે જો તમન્ના ભાટિયા પોતે તેને આ વિશે પૂછશે, તો તે પોતાની વાત પર કાયમ રહેશે. તેણે કહ્યું, જો તમન્નાને મારી વાત ખરાબ લાગી છે, તો હું તેમના પગે લાગવા માટે પણ તૈયાર છું.

## ઈરાની તેલના પરિવહન માટે અમેરિકાએ ચીની રિફાઈનરી અને ૪૦ અન્ય શિપર્સ પર પ્રતિબંધ મૂક્યો

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે શાંતિ કરાર પર અનિશ્ચિતતાના વાદળો છવાયેલા રહ્યા છે, ત્યારે અમેરિકાએ ચીન સ્થિત એક ઓઈલ રિફાઈનરી અને ૪૦ અન્ય શિપિંગ કંપનીઓ પર ઈરાની તેલના પરિવહનમાં કથિત સંડોવણી બદલ પ્રતિબંધો લાદવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની બેઈજિંગ મુલાકાતના થોડા અઠવાડિયા પહેલા જ આ પગલું લેવામાં આવ્યું છે જ્યાં તેઓ તેમના ચીની સમકક્ષ શી જિનપિંગને મળશે.

મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, જે ચીની રિફાઈનરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે હેંગલી પેટ્રોકેમિકલ છે, જે બંદર શહેર ડાલિયનમાં સ્થિત છે. આ સુવિધા દરરોજ ૪૦૦,૦૦૦ બેરલ ક્રૂડ ઓઈલનું પ્રક્રિયા કરવાની ક્ષમતા ધરાવે છે, જે તેને ચીનની સૌથી મોટી સ્વતંત્ર રિફાઈનરીઓમાંની એક બનાવે છે.

હેંગલી ૨૦૨૩ થી ઈરાની તેલનું પ્રક્રિયા કરી રહી છે, જેનાથી તેને લાખો ડોલરની આવક ઊભી કરવામાં મદદ મળી છે. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં યુનાઈટેડ અગેઈન્સ્ટ ન્યુક્લિયર ઈરાન નામના હિમાયતી જૂથે કહ્યું હતું કે, આ કંપની ઈરાની તેલના ડઝનબંધ ચીની ખરીદદારોમાંની એક છે.


ચીન, જેણે હજુ સુધી યુએસના પગલા પર પ્રતિક્રિયા આપી નથી, તે ઈરાની તેલના સૌથી મોટા ખરીદદારોમાંનું એક છે. મધ્ય પૂર્વમાં ૨૮ ફેબ્રુઆરીએ સંઘર્ષ શરૂ થયો તે પહેલાં, ચીન ૮૦ થી ૯૦ ટકા ઈરાની તેલ છાયા જહાજોના કાફલા દ્વારા આયાત કરતું હતું. આ જહાજોનું મૂળ હજુ અસ્પષ્ટ છે, પરંતુ એસોસિએટેડ પ્રેસે જણાવ્યું હતું કે તે કદાચ મલેશિયા જેવા દેશોમાંથી ચીનમાં આવે છે.

ઈરાન સામે યુએસ પ્રતિબંધો

યુએસએ અગાઉ દેશોને ઈરાની તેલ ખરીદવા સામે ચેતવણી આપી હતી. આ મહિનાની શરૂઆતમાં એક મીડિયા બ્રીફિંગમાં, યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે દેશોને કહ્યું હતું કે "જો તમે ઈરાની તેલ ખરીદી રહ્યા છો, જો ઈરાની પૈસા તમારી બેંકોમાં જમા છે, તો અમે હવે ગૌણ પ્રતિબંધો લાગુ કરવા તૈયાર છીએ, જે ખૂબ જ કડક પગલું છે."

બાદમાં, ટ્રેઝરી વિભાગે ચીન, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ), ઓમાન અને હોંગકોંગને પણ એક પત્ર મોકલ્યો હતો.

## દીપિકા પદુકોણ કોકટેલ-ટુમાં દેખાશે, સત્તાવાર જાહેરાત બાકી




મુંબઈ : દીપિકા પદુકોણ હાલ પ્રેગનન્ટ હોવાને કારણે ચર્ચામાં છે. આ દરમિયાન પણ તેણે શાહરૂખ ખાન સાથે કિંગ ફિલ્મના દ્રશ્યોનું શૂટિંગ કર્યું હતું. હવે અભિનેત્રી કોકટેલ ટુમાં પણ જોવા મળવાની છે. તે વેરોનિકાના પાત્રમાં જોવા મળશે.જોકે આ ફિલ્મમાં તેનો આ એક કેમિયો માત્ર હશે.ચર્ચા તો એવી પણ છે કે, તેણે પોતાના દ્રશ્યોનું શૂટિંગ પણ કરી દીધું છે. જોકે આ બાબતે સત્તાવાર સમર્થન આપવામાં આવ્યું નથી. દીપિકા થોડા મહિનાઓ હેલા મેડોક ફિલ્મસની ઓફિસમાં જોવા મળી હતી. ત્યારે લોકોએ તે મહાવતાર ફિલ્મ માટે વાતચીત કરવા ગઈ હશે તેવી અટકળ કરી હતી. પરંતુ અભિનેત્રીને લઈને હાલ ચર્ચા છે કે, તે કોકટેલ ટુમાં વેરોનિકાના બિનધાસ્ત પાત્ર માટે વાતચીત કરવા ગઈ હતી. આ રોલ માટે ફિલ્મસર્જક વારંવાર સંપર્ક કરવામાં આવતો હોવાથી અંતે અભિનેત્રીએ આ રોલ માટે હા પાડી હતી અને કહેવાય છે કે તેણે પોતાના હિસ્સાનું શૂટિંગ પણ કરી લીધું હતું.

કોકટેલમાં દીપિકાએ વેરોનિકાની ભૂમિકા ભજવી હતી. કોકટેલ ટુમાં વેરોનિકા પોતાની ખાસ મિત્ર મીરા અને તેના લવર ગૌતમ સાથે પ્રણય ત્રિકોણમાં ફસાઈ જતી હોય છે.

## અમેરિકા ત્રણ વર્ષ માટે H1B વિઝા સ્થગિત કરશે? રિપબ્લિકન સાંસદો કોંગ્રેસમાં નવું બિલ લાવશે




વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સ કોંગ્રેસના રિપબ્લિકન કાયદા ઘડનારાઓના એક જૂથે ઊઁ૧મ્ વિઝા કાર્યક્રમ પર ત્રણ વર્ષનો વિરામ માંગતો બિલ રજૂ કર્યો છે, જેમાં દલીલ કરવામાં આવી છે કે અમેરિકન કામદારોને ઓછા ખર્ચે વિદેશી મજૂરી આપવા માટે તેનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.

૨૦૨૬ ના ઊઁ૧મ્ વિઝા દુરુપયોગ અધિનિયમનો અંત નામનો આ કાયદો એરિઝોનાના કોંગ્રેસમેન એલી ક્રેન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને સાત અન્ય રિપબ્લિકન કાયદા ઘડનારાઓ દ્વારા સહ-પ્રાયોજિત કરવામાં આવ્યો હતો.

આ બિલ કાર્યક્રમમાં મોટા ફેરફારોનો પ્રસ્તાવ મૂકે છે, જેમાં વાર્ષિક મર્યાદા ૬૫,૦૦૦ થી ઘટાડીને ૨૫,૦૦૦ જીક્ક કરવી, વાર્ષિક ૨,૦૦,૦૦૦ જીક્ક ની લઘુત્તમ પગારની જરૂરિયાત નક્કી કરવી અને ઊઁ૧મ્ વિઝા ધારકોને યુનાઈટેડ સ્ટેટ્સમાં આશ્રિતોને લાવવાથી અટકાવવાનો સમાવેશ થાય છે.

મૂળ સહ-પ્રાયોજકોમાં કોંગ્રેસમેન બ્રાયન બેબીન, બ્રાન્ડન ગિલ, વેસ્લી હન્ટ, કીથ સેલ્ફ, એન્ડી ઓગલ્સ, પોલ ગોસર અને ટોમ મેકક્લિન્ટોકનો સમાવેશ થાય છે.

અમેરિકન ટેકનોલોજી કંપનીઓ દ્વારા વિદેશી વ્યાવસાયિકોને નોકરી પર રાખવા માટે ઊઁ૧મ્ વિઝા કાર્યક્રમનો વ્યાપકપણે ઉપયોગ થાય છે, જેમાં ભારતીય કામદારો, ખાસ કરીને ટેકનોલોજી અને દવા ક્ષેત્રે, લાભાર્થીઓના સૌથી મોટા જૂથોમાંનો એક છે.

પ્રસ્તાવિત સુધારાઓમાં વર્તમાન લોટરી સિસ્ટમને વેતન-આધારિત પસંદગી પ્રક્રિયા સાથે બદલવાનો સમાવેશ થાય છે, નોકરીદાતાઓએ પ્રમાણિત કરવું જરૂરી છે કે કોઈ લાયક અમેરિકન કામદાર ઉપલબ્ધ નથી અને તાજેતરમાં કોઈ છટણી થઈ નથી, ઊઁ૧મ્ કામદારોને બહુવિધ નોકરીઓ રાખવા પર પ્રતિબંધ મૂકવો અને તૃતીય-પક્ષ સ્ટાફિંગ ફર્મ્સને તેમને રોજગાર આપવા પર પ્રતિબંધ મૂકવો.

વધારાની જોગવાઈઓ ફેડરલ એજન્સીઓને બિન-ઈમિગ્રન્ટ કામદારોને સ્પોન્સર કરવા અથવા રોજગાર આપવાથી પ્રતિબંધિત કરશે, વૈકલ્પિક વ્યવહારુ તાલીમ કાર્યક્રમનો અંત લાવશે અને ઊઁ૧મ્ વિઝા ધારકોને કાયમી રહેઠાણમાં સંક્રમણ કરતા અટકાવશે, આવા વિઝાના કામચલાઉ સ્વભાવને મજબૂત બનાવશે.બિલમાં બિન-ઈમિગ્રન્ટ કામદારોને બીજી વિઝા શ્રેણીમાં બદલતા પહેલા યુનાઈટેડ સ્ટેટ્સ છોડવાની પણ જરૂર છે.ક્રેને કહ્યું કે આ પગલાથી અમેરિકનો માટે નોકરીની ઍક્સેસનો વિસ્તાર થશે, વિઝા નિયમો મજબૂત થશે અને ઘરેલું કામદારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

## 'નરક' વાળી પોસ્ટ શેર કરવા બદલ યુએસ કાયદા નિર્માતાઓએ ટ્રમ્પની ટીકા કરી

વોશિંગ્ટન,

અમેરિકન કાયદા નિર્માતાઓએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત અને અન્ય દેશોને ×નરકના ખાડા× તરીકે ઓળખાવતી સોશિયલ મીડિયા પોસ્ટની નિંદા કરી હતી. ભારતીય-અમેરિકન કોંગ્રેસમેન અમી બેરા, રો ખન્ના અને રાજા કૃષ્ણમૂર્તિએ ટ્રમ્પના વાણીક શબ્દોની નિંદા કરી હતી જ્યારે યુએસ હાઉસની વિદેશ બાબતોની સમિતિમાં ડેમોક્રેટિક પાર્ટીના પ્રતિનિધિઓએ સોશિયલ મીડિયા પર ×જાતિવાદી કચરો× શેર કરવા બદલ રાષ્ટ્રપતિની ટીકા કરી હતી.×રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા શેર કરવામાં આવેલી ટિપ્પણીઓ અપમાનજનક, અજ્ઞાની અને તેમના પદની ગરિમા નીચે છે. તે એક રાષ્ટ્ર તરીકે આપણે કોણ છીએ તેની મૂળભૂત ગેરસમજને પ્રતિબિંબિત કરે છે. અમેરિકા હંમેશા અહીં આવતા, સખત મહેનત કરતા અને આપણા દેશમાં યોગદાન આપતા ઈમિગ્રન્ટ્સની પેઢીઓ દ્વારા મજબૂત બન્યું છે. તેઓ અમેરિકાને નબળું પાડતા નથી - તેઓ તેને મજબૂત બનાવે છે,× કોંગ્રેસમેન બેરાએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

×ડોનાલ્ડ ટ્રમ્પનો ભારત અને ઈમિગ્રન્ટ્સ પર જાતિવાદી ગુસ્સો વધારવાનો નિર્ણય શરમજનક છે અને તેમના હોદ્દા નીચે છે. તેમનું વક્તવ્ય ફક્ત લાખો ભારતીય-અમેરિકનો અને આપણા સૌથી મહત્વપૂર્ણ વૈશ્વિક ભાગીદારોમાંના એકનું અપમાન કરતું નથી - તે તે મૂલ્યોને નબળી પાડે છે જેણે અમેરિકાને તક અને નવીનતાનો રાષ્ટ્ર બનાવ્યો છે. આપણે તે ભાગીદારીને મજબૂત બનાવવી જોઈએ અને આપણી વિવિધતાનું સન્માન કરવું જોઈએ, રાજકીય લાભ માટે વિભાજન ન કરવું જોઈએ,× કોંગ્રેસમેન રાજા કૃષ્ણમૂર્તિએ ઉમેર્યું.

કોંગ્રેસમેન રો ખન્ના, જેમને ૨૦૨૮ ની રાષ્ટ્રપતિની ચૂંટણી માટે વ્યાપકપણે દાવેદાર તરીકે જોવામાં આવે છે, તેમણે ઠ પર ઉપ-રાષ્ટ્રપતિ જેડી વાન્સને પ્રશ્ન કર્યો કે શું તેઓ ટ્રમ્પના ×નરક× સંદર્ભ સાથે સંમત છે. વાન્સની પત્ની ઉષા ભારતીય મૂળની છે.

ટ્રમ્પે તેમના ટ્રૂથ સોશિયલ એકાઉન્ટ પર રૂઢિચુસ્ત રાજકીય ટોક શોની ટ્રાન્સક્રિપ્ટ પોસ્ટ કર્યા પછી ગુરુવારે વિવાદ શરૂ થયો.×અહીં એક બાળક તાત્કાલિક નાગરિક બની જાય છે, અને પછી તેઓ ચીન, ભારત અથવા ગ્રહ પરના કોઈ અન્ય નર્કશાળમાંથી આખા પરિવારને લાવે છે,× શોની ટ્રાન્સક્રિપ્ટ વાંચે છે, જે ટ્રમ્પ દ્વારા તેમના એકાઉન્ટ પર સંપૂર્ણ રીતે પોસ્ટ કરવામાં આવી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રે જન્મજાત નાગરિકત્વને સમાપ્ત કરવા માટે કાનૂની પ્રયાસ શરૂ કર્યો છે, જે અમેરિકાની ધરતી પર જન્મેલા કોઈપણ વ્યક્તિને અમેરિકાની નાગરિકત્વ આપે છે.

ટ્રમ્પની ટિપ્પણી અંગેના પ્રશ્નોના જવાબમાં, નવી દિલ્હીમાં યુએસ દૂતાવાસના પ્રવક્તાએ ભારત વિશે અમેરિકન રાષ્ટ્રપતિની ભૂતકાળની સકારાત્મક ટિપ્પણીઓ તરફ ધ્યાન દોર્યું. ×રાષ્ટ્રપતિએ કહ્યું છે કે 'ભારત એક મહાન દેશ છે

# ફુલસર-દૂથર રોડ મુદ્દે ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કાર કર્યો, AAP ધારાસભ્ય ચૈતર વસાવા ગામે પહોંચ્યા

અમદાવાદ/નર્મદા/ગુજરાત

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના દિવસે નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના દૂથર ગામના ગ્રામજનોએ ફુલસરથી દૂથર ગામે જતાં ડામર રોડની માંગ સાથે ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. ગ્રામજનોની મુખ્ય માંગ હતી કે ફુલસરથી દૂથર સુધીનો રોડ રીસરફેસિંગ અને કન્સ્ટ્રક્શન હેઠળ મંજૂર થયેલો હોવા છતાં તેનું કામ અટકાવી દેવામાં આવ્યું છે. અગાઉ ઈજારદાર દ્વારા રસ્તા પર ફેસિંગ વર્કસહિત પ્રાથમિક કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ ગુજરાત વન વિભાગ દ્વારા આ



વિસ્તાર શૂલપાણેશ્વર વન્યજીવન અભ્યારણ્ય હેઠળ આવતો હોવાથી વન્ય પ્રાણી સુરક્ષા અધિનિયમ-૧૯૯૨ મુજબ વાઈલ્ડલાઈફ ક્લિયરન્સ ફરજિયાત ગણાવી કામ બંધ કરાવવામાં આવ્યું હતું.

ચૂંટણી બહિષ્કારની જાણ થતા છછઁના ધારાસભ્ય ચૈતર વસાવા તાત્કાલિક ગામે પહોંચ્યા હતા અને ગ્રામજનો સાથે ચર્ચા કરી હતી. તેમની હાજરીમાં માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર, ફુલસરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર તથા અન્ય જવાબદાર અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. અધિકારીઓએ ગ્રામજનોને લેખિતમાં બાંહેધરી આપી હતી કે રોડ રીસરફેસિંગ માટે જરૂરી વાઈલ્ડલાઈફ ક્લિયરન્સ મેળવવા માટે જોઈન્ટ સર્વે પૂર્ણ થઈ ગયો છે અને હાલ દસ્તાવેજી પ્રક્રિયા તાલુકા અને જિલ્લા કક્ષાએ મંજૂરી હેઠળ છે. આવનાર એક મહિનામાં તમામ મંજૂરી મેળવી ડામર રોડની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. લેખિત બાંહેધરી મળતા ગ્રામજનોએ પોતાનો ચૂંટણી બહિષ્કાર સમાપ્ત કર્યો હતો અને બાદમાં ગામમાં મતદાન પ્રક્રિયા ફરી શરૂ થઈ હતી.

## અખિલ હિન્દ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પરિષદના કાર્યકારી પ્રમુખનું ડાકોર ખાતે સન્માન



અખિલ હિંદ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પરિષદ અમદાવાદના કાર્યકારી પ્રમુખ તરીકે નિમાયેલા તેજસ કુમાર એમ ઉપાધ્યાય તલોદ ડાકોરના મેવાડા ભવન ખાતે આવતાં સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પ્રદેશ મીડિયા કન્વીનર નીતિન ખંભોળજાએ ખેસ ઓઢાળી સન્માન કર્યું હતું આ પ્રસંગે ત્રિવેદી મેવાડા કેળવણી મંડળ ડાકોરના પ્રમુખ ઉપેન્દ્ર ઉપાધ્યાય બકુડાભાઈ તથા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના કારોબારી સભ્ય અશોકભાઈ ઉપાધ્યાય મહિયલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે સાબરકાંઠા તથા તલોદ વિસ્તારના ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા



અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે મતદાન વહેલી સવારથી જ થઈ રહ્યું છે....ત્યારે પૂર્વ ધારાસભ્ય નરેન્દ્રસિંહ ઝાલાએ ૮૬ વર્ષની વયે બિમાર હોવા છતાં ઉત્સાહભેર મતદાન કર્યુ હતુ..અને લોકશાહી પ્રત્યેની પોતાની અતૂટ નિષ્ઠા પ્રદર્શિત કરી છે. ..ધારાસભ્ય ધવલસિંહ ઝાલાના પિતા એવા નરેન્દ્રસિંહ ઝાલાએ ૮૬ વર્ષને ઉંમરે પણ મતદાન મથક પર જઈને પોતાનો પવિત્ર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો..તેમની આ સક્રિયતા સમાજના યુવા મતદારો માટે એક પ્રેરણાસ્ત્રોત બની છે.... તેમણે 'મતદાન એ નાગરિકની સૌથી મોટી ફરજ છે' તેવો મજબૂત સંદેશ આપ્યો છે.

### ઉદયપુરના આંગણે ગુંજશે ગુજરાતનો સ્મૃતિનાદઃ

## ૧ મે 'ગુજરાત સ્થાપના દિવસ'ની ભવ્ય ઉજવણીનું આયોજન

૧ મે, ગુજરાત સ્થાપના દિવસના પાવન અવસરે રાજસ્થાનના ઉદયપુરમાં વસતા ગુજરાતીઓ માટે એક યાદગાર સાંસ્કૃતિક સાંજનું આયોજન કરવામાં આવ્યું છે. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગરના આર્થિક સહયોગથી અને જાણીતા નિર્માતા-દિગ્દર્શક શૈલેષ કે. પ્રજાપતિ દ્વારા પ્રસ્તુત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ ×અમે ગૌરવવંતા ગુજરાતી× યોજાવા જઈ રહ્યો છે.આ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ અને નામાંકિત કલાકારો દ્વારા પરંપરાગત લોકડાયરો રજૂ કરવામાં આવશે. જેમાં લોકગીતો, દુહા-છંદ, ભજનો અને ગુજરાતના ભવ્ય લોકસંગીતની પ્રસ્તુતિ દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવામાં આવશે. ગુજરાતની અસ્મિતા અને ગૌરવને ઉજાગર કરતો આ કાર્યક્રમ ઉદયપુર સ્થિત ગુજરાતી સમાજના આંગણે એક મિની ગુજરાત જેવો માહોલ ઊભો કરશે.આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉદયપુરના લોકસભા સાંસદ શ્રી મન્નાલાલ રાવત, રાજ્યસભા સાંસદ શ્રી ચુન્નીલાલ ગરાસિયા, ઉદેપુર (શહેર)ના ધારાસભ્ય શ્રી તારાચંદ જૈન તેમજ ઉદેપુર (ગ્રામીણ)ના ધારાસભ્ય શ્રી ફુલસિંહ મીણા ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે શ્રી ગુજરાતી સમાજ ઉદયપુરના પ્રમુખ શ્રી રાજેશભાઈ મહેતા તથા મંત્રી શ્રી દિનેશભાઈ પટેલ સહભાગી બન્યા છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન અમદાવાદના જાણીતા આયોજક શૈલેષ કે. પ્રજાપતિ (સંપર્કઃ ૯૮૨૫૯ ૩૮૩૧૭) દ્વારા કરવામાં આવ્યું છે.આ સાંસ્કૃતિક મહોત્સવમાં પધારવા માટે સર્વે ગુજરાતી પ્રેમી જનતાને ભાવભર્યું જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



તા.૨૬-૪-૨૦૨૬ રવિવાર સવારે ૧૦-૦૦ વાગે ×અન્નપૂર્ણારથ× ટીફીન સેવાની રીક્ષા ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટને લોકાર્પણ કરવાનો સુંદર કાર્યક્રમ અમદાવાદ ખાતે આવેલ સીવીલ હોસ્પિટલ તથા તેના કમ્પાઉન્ડમાં આવેલ કેન્સર,હાર્ટ,કીડની,જનરલ,મણીબેન આયુર્વેદિક સરકારી હોસ્પિટલ અસારવા અને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ થયેલા દર્દીઓ અને તેમની સેવાર્થે સાથે રહેલા સગાને બપોરના ભોજન અમદાવાદ શહેરના વિવિધ ઘરો-સ્થળોએથી દરરોજ ૭૦૦ જેટલા ઘરોમાંથી ભોજન-ટીફીન અન્નપૂર્ણારથ મારફતે એકઠા કરી પહોંચાડવાના સેવાકીય કાર્યમાં સહાયરૂપ થવા ધી કાલપુર કોમર્શિયલ કો.ઓ.બેંકલી.તરફથી વિધિ પૂર્વક ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા પૂજન- અર્ચન-આરતી દિપ પ્રાગટ્ય કરી ગાયત્રીમંત્રો-મહામૃત્યુંજયમંત્રો દ્વારા બેંકના પ્રતિનિધિઓ,સંસ્થાના પ્રમુખ-ટ્રસ્ટીશ્રીઓ,આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતમાં ઉત્સાહ પૂર્વક રાખવામાં આવેલ હતો.




ગાંધીનગર, સેક્ટર ૧૧ ખાતે રમતોત્સવ- ૨૦૨૬ માં રસ્સાખેચ માં એવર ગ્રીન ટીમે ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને બંને રાઉન્ડમાં જીતી ગયા.

## ધાનેરા નગરપાલિકાનું એક થી સાત વોર્ડનું મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું

ધાનેરા શહેરમાં સવાર થી લોકો ઉત્સાહભેર મતદાન કરી રહ્યા છે ગરમીના કારણે લોકો વહેલા વહેલા આવી અને પોતાનો કિંમતી પવિત્ર વોટ પોતાના મનગમતા ઉમેદવારને આપી એક થી સાત વોડમો શાંતિપૂર્ણ મહોલમાં મતદાન પૂરું થયું ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો બપોરના સમયે જિલ્લા કલેકટર પણ દરેક વોર્ડની મુલાકાત લીધી હતી દરેક ઉમેદવારો હવે પોતાના જીતના દાવા કરી રહ્યા છે હવે જોવાનું રહ્યો કે લોકોએ પોતાનો જીતનો કળશ કોના ઉપર મૂક્યો છે એ તો ૨૮ તારીખે ખબર પડશે

## યંગ જાયન્ટસ બોટાદ દ્વારા લોકોને ગરમી માં રાહત મળી રહે તે માટે નિઃશુલ્ક ઠંડી છાશ નું વિતરણ કરાયું.

જન સેવા અને સંસ્કાર નું સિંચન કરતી આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા વેલ્ફેર ફાઉન્ડેશન સ્લગ્ન યુવાનો ની સેવા સંસ્થા યંગ જાયન્ટ્સ બોટાદ કે જે અનેકવિધ સામાજીક, શૈક્ષણિક , આરોગ્ય , જીવદયા અને માનવ સેવાકીય પ્રવૃત્તિ કરે છે. સેવા સંસ્થા યંગ જાયન્ટ્સ બોટાદ દ્વારા આ ઉનાળા ની કાળજાળ ગરમીથી લોકોને રાહત મળે અને અસહ્ય કાળ ઝાળ ગરમી અને લુ થી બચી શકે તે હેતુ થી તા.૨૬/૪/૨૬ રવિવાર ના રોજ દીનદયાળ ચોક બોટાદ ખાતે રાહદારીયો તથા વટેમાર્ગુઓ ને શિતલ છાસ નુ નિઃશુલ્ક વિતરણ યંગ જાયન્ટ્સ ના મિત્રો ના




સૌજન્યથી કરવામાં આવેલ. જેમા ૧૦૦૦ થી વધુ લોકોએ ઠંડી છાશ નો લાભ લઈ ને ધોમ ધગતા તાપ મા હાશકારો અનુભવેલ. આ પ્રસંગે યંગ જાયન્ટસ બોટાદ ના પૂર્વ પ્રમુખ કુલદિપ વસાણી, ઉપ પ્રમુખ બ્રિજ દાણી , જાયન્ટ્સ ફેડરેશન ૩/બી ના ફેડરેશન ઓફીસર (પર્યાવરણ) ગ્રીન મેન સી.એલ.ભીકડીયા વગેરે હાજર રહેલા.







માણસા તાલુકાનું હરણાહોડા ગામે આજે લોકશાહીના મહાપર્વમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રહ્યું છે. આકાશમાંથી વરસતી અગનઝાળ ગરમી અને લગ્નસરાની વ્યસ્ત મોસમ હોવા છતાં, અહીંના ગ્રામજનોમાં મતદાન પ્રત્યે જે ઉત્સાહ જોવા મળ્યો તે ખરેખર પ્રશંસનીય છે. જ્યારે બપોરના સમયે તાપમાન મહત્તમ હોય છે, ત્યારે સામાન્ય રીતે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળતા હોય છે, પરંતુ હરણાહોડાના જાગૃત મતદારોએ આ પરંપરા તોડી નાખી.ભર બપોરે મતદાન મથકો પર ઉમટેલી ભીડ એ વાતની સાક્ષી પૂરે છે કે, ગ્રામીણ જનતા હવે પોતાના મતાધિકારના મૂલ્યને બરાબર સમજે છે. મહિલાઓ ઘરકામ અને લગ્નપ્રસંગની જવાબદારીઓ વચ્ચે સમય કાઢીને આવી હતી, તો વડીલોએ પણ કાળઝાળ ગરમીની પરવા કર્યા વગર લોકશાહીની આ ફરજ અદા કરી હતી. લગ્નનો માહોલ હોવા છતાં 'પહેલું મતદાન, પછી અન્ય કામ' ના સૂત્રને ગ્રામજનોએ સાર્થક કરી બતાવ્યું છે.હરણાહોડા ગામની આ ગાથા એ તમામ લોકો માટે પ્રેરણારૂપ છે જે ગરમી કે અન્ય નાના બહાના હેઠળ મતદાન કરવા જવાનું ટાળે છે. ગામડાઓમાં જોવા મળેલી આ અપાર જાગૃતિ અને અનેરો ઉત્સાહ સાબિત કરે છે કે લોકશાહીના પાયા ગ્રામીણ સ્તરે અત્યંત મજબૂત છે. ગરમીના પારા કરતા પણ ઊંચો મતદારોનો આ જોશ લોકતંત્રને વધુ સમૃદ્ધ અને સક્ષમ બનાવશે તે ચોક્કસ છે.આ સફળતા પાછળ જિલ્લા વહીવટી તંત્ર અને કલેક્ટર શ્રી, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલા સતત મતદાન જાગૃતિના પ્રયાસો હવે સ્પષ્ટપણે રંગ લાવતા દેખાઈ રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ જનજાગૃતિ અભિયાનોને કારણે જ આજે છેવાડાના ગામડાઓ સુધી મતદારો પોતાની ફરજ પ્રત્યે સભાન બન્યા છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat